# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date :** 19-05-2022 **Evening : 6.58 to 7.10 pm**

**Day:-** ગુરૂવાર **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠકકર** વાંચે છે.

---

❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે યોગ અને આયુર્વેદની તાકાત ઉપર દુનિયાનું પથદર્શક ભારત બન્યું છે

❖ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક જ દિવસમાં બે જિલ્લા - અરવલ્લી અને ગાંધીનગરનો પ્રવાસ ખેડીને વિકાસલક્ષી સમીક્ષા કરી

❖ શિક્ષક આલમે પોતાના આઠ પ્રશ્નોનું સુખદ નિરાકરણ લાવવા બદલ શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીનું આભાર પત્ર સાથે સન્માન કર્યું

❖ સૌરાષ્ટ્રની ચાર નગરપાલિકાને પીવાનું પાણી ઘેર ઘેર પહોંચતું કરવાની યોજના માટે 45 કરોડ નવ લાખ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી રાજ્ય સરકારે આપી

❖ શિક્ષણનો અધિકાર કાયદા હેઠળ નબળા અને વંચિત જુથના 6400 બાળકોને બિનઅનુદાનિત શાળામાં પ્રવેશ બીજા રાઉન્ડમાં અપાયો

❖ વિશ્વ મધમાખી દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી કેવડીયા ખાતે 20મી મે ના રોજ યોજાશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# પી.એમ. યુવા શિબિર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વૈશ્વિક અવ્યવસ્થા વચ્ચે વિશ્વ ભારત પાસે નવી આશા રાખે છે. વડોદરામાં સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત યુવા શિબિરને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધતાં શ્રી મોદીએ કહ્યું કે આજે આપણે નૂતન ભારતના નિર્માણ અંગેના પ્રયાસો કરવાની સામૂહિક પ્રતિજ્ઞા લઈ રહ્યા છીએ. વૈશ્વિક અશાંતિ અને સંઘર્ષ વચ્ચે વિશ્વ શાંતિની નવી આશા સાથે ભારત તરફ દ્રષ્ટિ છે.

ભારત પ્રાચીન પરંપરાઓ સાથે નવી ઓળખ મેળવીને આગળ વધી રહ્યું છે , ત્યારે સમગ્ર માનવજાતને નવી દિશા દર્શાવવી જોઈએ. શ્રીમોદીએ કહ્યું કે આપણે માનવજાતને યોગ અને આયુર્વેદની શક્તિનો માર્ગ બતાવી રહ્યા છીએ. સોફ્ટવેરથી લઈને અવકાશ સુધી નવા ભવિષ્યની રાહ જોઈ રહેલા રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યા છીએ. કોરોના સંકટ વચ્ચે વિશ્વમાં રસી અને દવાઓ પહોંચાડવાથી , આપણે આત્મનિર્ભર ભારતની આશા જગાવી છે.

તેમણે કહ્યું કે આ શિબિરનું આયોજન એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે. વડોદરામાં શ્રી સ્વામિનારાયણ મંદિર- કુંડલધામ અને શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલી બાગ દ્વારા આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

એક ભારત શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારત અને સ્વચ્છ ભારત જેવા અભિયાન દ્વારા યુવાનોને સમાજ સેવામાં અને રાષ્ટ્ર નિર્માણ તરફ જોડવાનો આ શિબિરનો ઉદ્દેશ્ય છે.

આ પ્રસંગે સ્વામિનારાયણ મંદિરના જ્ઞાન જીવનદાસ સ્વામી , સંસદ સભ્ય અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ, મંત્રી મનીષાબેન વકીલ ઉપસ્થિત રહ્યા હતા.

# બે જિલ્લાની વિકાસ સમિક્ષા - મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના આજના પ્રવાસ દરમ્યાન અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાની સમિક્ષા સ્થાનિક તંત્ર સાથે બેસીને કરી હતી અને રાજ્ય તથા કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજનાનું અમલીકરણ સાર્થક બનાવો તેવી તાકીદ કરી હતી અરવલ્લીના બાયડ ખાતે એક સામાજિક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ તેઓએ જિલ્લા વહિવટીતંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. ત્યારબાદ તેઓ ગાંધીનગર જિલ્લાના માણસા પહોચ્યા હતા અને માણસાથી માંડી કલોલ સુધીના વિસ્તારની લોક સમસ્યાઓ ઉકેલવા તંત્ર સાથે બેઠક કરી હતી. માણસા ખાતે મુખ્યમંત્રી શ્રી પટેલે લોકોને અપીલ કરી હતી કે પાણીનો બગાડ અટકાવે અને ભૂગર્ભ જળના તળ ઊંચા આવે તે માટે વરસાદનું પાણી જમીનમાં ઉતારવાની પ્રવૃતિ કરે. માણસા નગરપાલિકા વિસ્તારના નવ તળાવનું આંતરિક જોડાણ કરવા અંગે પ્રાથમિક અહેવાલ તૈયાર કરવાની સૂચના પણ તેમણે આપી હતી . કલોલ - માણસા હાઇવેનું કામ સત્વરે પૂરું કરવા ઉપરાંત માણસા નગરપાલિકા વિસ્તારમાં રિંગ રોડનું આયોજન પ્લાનિંગ સ્કીમમાં ઉમેરવા પણ તેમણે કહ્યું હતું . ગાંધીનગર જિલ્લાના વીજળી , પાણી, કાયદો-વ્યવસ્થા જેવા વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ અંગે અધિકારીઓ સાથે ચર્ચા-વિમર્શ પણ કર્યો હતો.

# શિક્ષક સંઘ દ્વારા સન્માન - જીતુભાઈ વાઘાણી

ગુજરાતની શિક્ષક આલમનું પ્રતિનિધિત્વ કરતાં 6 જેટલા શિક્ષક સંઘ વતી આજે શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીનું આભાર પત્ર સાથે સન્માન કરવામાં આવ્યું હતું શિક્ષણ જગતના ઘણા સમયથી પડતર રહેલા આઠ જેટલા મહત્વના પ્રશ્નોનું સુખદ નિરાકરણ લાવવાની પહેલ અને મહેનત બદલ શ્રી વાઘાણીનો રૂબરૂ ઋણ સ્વીકાર કરવા માટે શિક્ષક સમૂહના આગેવાનો ગાંધીનગર પહોંચ્યા હતા . આભાર સન્માનનો પ્રત્યુતર વાળતા શ્રી વાઘણીએ આ પ્રસંગે કહ્યું હતું કે શિક્ષકોને પ્રમોશન, ઉચ્ચતર

પગાર, એલટીસી, બદલી સહિતના લાભો આપી રાજ્ય સરકારે તેમનો ઉત્સાહ વધાર્યો છે, જેથી શાળા શિક્ષણ ની ગુણવતા માટે સૌ સજાગ બને .તેમણે ઉમેર્યું હતું કે તાજેતરમાં ૩૯ હજાર શિક્ષકોના હિતમાં લેવાયેલા વિવિધ નિર્ણયથી અંદાજે તેમના સાથે જોડાયેલા બે લાખ જેટલા લોકો ઉપર તેની હકારાત્મક અસર થઈ છે.

શિક્ષક સંઘના આગેવાનો ત્યારબાદ ભાજપના પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ " પહોંચ્યા હતા અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલનું આભાર દર્શન કર્યું હતું . .શિક્ષક મહામંડલના પ્રમુખ જે.પી.પટેલ, શિક્ષણ સેલના સંયોજક મહેન્દ્રભાઈ પાડલીયા , શિક્ષણ સેલના સહ સંયોજક મનુભાઈ પાવરા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# પાણી પુરવઠા યોજના મંજૂરી - મુખ્યમંત્રી

સૌરાષ્ટ્રની ચાર નગરપાલિકાને પીવાનું પાણી ઘેર ઘેર પહોંચતું કરવાની યોજનાનો અમલ કરવા માટે 45 કરોડ નવ લાખ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી રાજ્ય સરકારે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આજે આપી છે , જેમાં માંગરોળ, વંથલી, ઓખા અને માણાવદરનો સમાવેશ થાય છે. ચારેય નગરપાલિકાને તેમના શહેરમાં 2051ના વર્ષમાં વસતિ કેટલી હશે તેના અંદાજ પ્રમાણે પાણી પુરવઠા યોજના તૈયાર કરવા કહેવાયું હતું અને ગુજરાત અર્બન ડેવલપમેંટ મિશન હેઠળ તેનું મૂલ્યાંકન કરાયું હતું.

માંગરોળ માટે ૨૨ કરોડ ૬૪ લાખ , વંથલી માટે ૭ કરોડ .૨૧ લાખ , ઓખા માટે ૫ કરોડ ૬૯ લાખ અને માણાવદર માટે ૯ કરોડ .૫૫ લાખ રૂપિયા પાણી પુરવઠાનો પ્રબંધ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે

# બાયડ - મનોદિવ્યાંગ સંસ્થા - મુખ્યમંત્રી

અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે નિરાધાર મનોદિવ્યાંગને ઘર જેવો આશ્રય આપતી 'જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ 'ની મુલાકાતે આજે મુખ્યમંત્રી

ભૂપેન્દ્ર પટેલ પહોંચ્યા હતા અને સંસ્થામાં રહેતા મનોદિવ્યાંગ લોકો સાથે આત્મીયતાપૂર્વક વાતચીત કરી હતી . મુખ્યમંત્રીશ્રી પટેલને અહી સંચાલકોએ માહિતી આપી હતી કે જેમનું કોઇ વાલી-વારસ ન હોય તેવી ૩૫૦થી વધુ બહેનોને અહી આશ્રય અપાયો છે. શારીરિક રીતે અત્યંત અશક્ત હોય તેવી મહિલાઓને પણ અહીં લાવીને સેવા સારવાર અપાય છે. ઉપરાંત ૧૭૦ બહેનોને માનસિક રોગની દવા , હૂંફ, લાગણી, પ્રેમ પુરા પાડી સફળ રીતે પરિવાર સાથે મિલન કરાવવામાં આવ્યું છે , તેમ ટ્રસ્ટીઓએ જણાવ્યુ હતું .

## લોકાર્પણ /કનુભાઈ

નાણા મંત્રી કનુભાઇ દેસાઇ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી મહેન્દ્ર મુંજપરાની ઉપસ્થિતિમાં ધ્રાંગધ્રા ખાતે ૧ કરોડ ૨૦ લાખથી વધુના ખર્ચે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની વિભાગીય કચેરીનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે પુર્વ મંત્રી આઇ.કે.જાડેજા અને ધારાસભ્ય પરસોત્તમભાઈ સાબરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે નાણાંમંત્રી કનુભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે , , સમગ્ર ભારતમાં માથાદીઠ વીજ વપરાશ ૧૧૦૦ યુનિટ છે , જ્યારે ગુજરાતમાં આ માથાદીઠ વીજ વપરાશ ૨૧૦૦ યુનિટ છે.મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે , ધ્રાંગધ્રામાં નવનિર્મિત વિભાગીય કચેરીથી આ વિસ્તારના વીજ ગ્રાહકોને સારી સેવાઓ પૂરી પાડવામાં આવશે.

## શિક્ષણનો અધિકાર કાયદો - શાળા પ્રવેશ

શિક્ષણનો અધિકાર કાયદા હેઠળ નબળા અને વંચિત જુથના બાળકોને બિનઅનુદાનિત શાળામાં પ્રવેશ આપવાનો બીજો રાઉન્ડ તારીખ બારથી ચૌદ મે દરમ્યાન યોજાઈ ગયો, જેમાં ૬,૩૩૪ વિદ્યાર્થીઓને હેઠળ પ્રવેશ અપાયો હતો. પ્રાથમિક શિક્ષણ નિયામકની યાદીમાં જણાવાયું છે કે આ વ્યવસ્થા હેઠળ પ્રવેશ મેળવેલ

વિદ્યાર્થીઓએ તા. ૨૩ મે-૨૦૨૨ સુધીમાં જે તે શાળામાં રૂબરૂ જઈ જરૂરી આધાર પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવી લેવાનો રહેશે

# આઝાદી કા અમૃત મહોત્સવ

**આઝાદી કા અમૃત મહોત્સવ (પ્રોમો)**

## મધ દિવસ 20 મે

કેન્દ્રિય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર ૨૦ મેના રોજ 'વિશ્વ મધમાખી દિવસે' કેવડિયા ખાતેના આયોજિત રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત ૫ રાજ્યોની ૭ જગ્યાએ મધ પરીક્ષણ લેબ અને પ્રોસેસિંગ યુનિટનું ઉદ્ઘાટન કરશે

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી તોમર દ્વારા જમ્મુ કશ્મીરમાં પુલવામા , બાંદીપોરા, કર્ણાટકના તુમકુર, ઉત્તર પ્રદેશના સહારન પુર તથા પુણે અને ઉત્તરાખંડ ખાતે સ્થાપિત મધ પરીક્ષણ લેબ અને પ્રોસેસિંગ યુનિટનું વર્ચ્યુઅલ રૂપે ઉદ્ઘાટન કરશે. આ ઇવેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય મધમાખી ઉછેરને પ્રોત્સાહન આપીને દેશના નાના ખેડૂતોને મહત્તમ લાભ આપવાનો છે, જેની પ્રગતિ માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે.

## ભુજ શહેર પ્લાસ્ટિક મુક્ત

એક પહેલ' એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા `મારું શહેર, પ્લાસ્ટિક મુક્ત શહેર'ની નેમથી ભુજ શહેરને પ્લાસ્ટિક મુક્ત કરવા માટે કાપડની થેલીઓનું વિતરણ કાર્યક્રમને કચ્છ સાંસદ અને ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી વિનોદભાઇ ચાવડાના હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. સાંસદ શ્રી ચાવડાએ પણ કામગીરી કઇ રીતે કરવામાં આવશે તેની વિગતો મેળવી હતી અને આ બાબતે જરૂરી માર્ગદર્શન આપી કામગીરીમાં જરૂર જણાય ત્યાં સહભાગી થવાની નેમ વ્યક્ત કરી હતી. સંસ્થા દ્વારા ભુજ શહેરમાં અત્યારે 5 હજાર જેટલી કાપડ થેલીઓનું વિતરણ કરવામાં આવશે અને આ આંકડો 50 હજારથી એક લાખ થેલી સુધી લઇ જવાની તૈયારી બતાવી હતી

# સિવિલ -નવું સર્ટિ

સુરતની નવી સિવિલ હોસ્પિટલને "નેશનલ એક્રીડેશન બોર્ડ ફોર હોસ્પિટલ અને હેલ્થ કેર પ્રોવાઈડર્સ"નું સર્ટીફિકેટ આપવામાં આવ્યું છે.આ સર્ટિફિકેટ મેળવનાર સુરત સિવિલ બીજી હોસ્પિટલ છે. આ પહેલા ભાવનગરને આ સર્ટિફિકેટ અપાયું હતું.

સુરત નવી સિવિલ હોસ્પિટલને મળેલ સર્ટીફીકેટ દર બે વર્ષે રીન્યુઅલ કરાવવું પડશે

# ખેલ મહાકુંભ

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કડી સર્વ વિધાલય ખાતે રાજ્યકક્ષાનો 11મો ખેલ મહાકુંભમાં દીકરીઓ માટેનો કરાટે સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો. આ સ્પર્ધામાં કુલ 1500 સ્પર્ધકો ભાગ લેશે.

કડી વિદ્યાલય ખાતે ત્રણ દિવસ ચાલનાર આ સ્પર્ધામાં પહેલા દિવસે 14 વર્ષથી નાની વયની 470 સ્પર્ધકોએ ભાગ લીધો હતો ,બીજા દિવસે 17 વર્ષથી નાની વાય જુથ જયારે ત્રીજા દિવસે ઓપન કેટેગરીમાં સ્પર્ધા યોજાશે.

આરોગ્ય મંત્રી એ જણાવ્યું હતું કે રમત ગમત વ્યકિત ને ટીમ વર્ક લક્ષ્ય સુધી પહોંચવાનો જુસ્સો , આત્મજાગૃતિ સંકલ્પશક્તિ ,તાકાત અને ખામીઓ જેવી અનેક બાબતો શીખવે છે . યુવા રમતવીરો એ પોતાની પ્રતિભા થી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે દેશ નું નામ ઉજ્જવળ કરી ગોરવ વધાર્યું છે.

# નવું આઇસીયુ યુનિટ

દાહોદની ઝાયડસ મેડિકલ હોસ્પિટલમાં આજ રોજ નવીન 9 બેડ ધરાવતા ICU કેર યુનિટનું લોકાર્પણ કરવામાં આવ્યું.

ઉલ્લેખનીય છે કે કોવીડ સમયે હોસ્પીટલમાં 12 બેડ ધરાવતું ICU યુનિટ હતું,જેમાં 6 બેડ SICU તથા 6 બેડ ICCU ના હતા.હવે 24 બેડ ધારવતું યુનિટ તૈયાર કરવામાં આવ્યુ છે. આ યુનિટમાં વેન્ટિલેટર , મલ્ટીપેરા મોનીટર, ઇંક્યુંબેટર, સિરીંજ પંમ્પ, નેબ્યુલાઈજર જેવી જીવન રક્ષક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ઝાયડ્સ હોસ્પીટલમાં સરકાર દ્વારા ચલાવતી આરોગયલક્ષી સુવિધા માટેની તમામ યોજનાઓ અમલી કરવામાં આવે છે

# ભરતી કેમ્પ

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકા પંચાયત ખાતે ટ્રેનીંગ અને પ્લેસમેન્ટના તાલીમ વર્ગ યોજાયો હતો. જયાં ૧૯ જેટલા યુવાનોને સિક્યુરિટી ગાર્ડ તેમજ ૩ યુવાનોને ઓફિસર તરીકે પસંદગી કરાઇ છે. આગામી સમયમાં વિવિધ તાલુકાઓમાં સિક્યુરિટી ગાર્ડ , સુરક્ષા સુપરવાઇઝર અને સુરક્ષા અધિકારીની ભરતી કરાશે.

આગામી 20મી મે થી 26 મે સુધીમાં જિલ્લાના વિવિધ ગામોમાં આ તાલીમ તબક્કાવાર યોજાશે જેમાં ધાનપુર લીમખેડા , સંજેલી ,ઝાલોદ સીંગવડ, દાહોદ અને ફતેપુરા તાલુકા પંચાયત ખાતે આ કેમ્પનું આયોજન કરાયું છે.

ભારતીય સુરક્ષા કાર્યદક્ષતા નવી દિલ્હી અને સિક્યોરિટી એન્ડ ઇન્ટેલિજન્ટ સર્વિસ ઇન્ડિયા લી. ના સહયોગથી આ ભરતીનું આયોજન કરાયું છે

# શાળા પુનઃ પ્રવેશ

વલસાડ સંકલિત બાળ વિકાસ નોડલ અધિકારીએ પ્રાથમિક તથા માધ્યિમક વિભાગમાંથી શાળા છોડેલા બાળકોને પુનઃ શાળા પ્રવેશ શરૂ કરવા અર્થે વર્ચુયલ મિટિંગ આયોજિત કરી હતી.

આ મિટિંગમાં જિલ્લા નોડલ ઓફિસરની સાથે ગામના પ્રિન્સિપાલ ,શિક્ષકો અને શિક્ષણ અધિકારીઓએ જોડાયા હતા. જેમાં વલસાડ જિલ્લાના ૬ હજાર ૨૭૯ બાળકોની પ્રાથમિક યાદી તૈયાર કરવામાં આવી હતી. શાળા છોડેલા બાળકોના વાલીઓનું કાઉન્સેલિંગ કરાયું હતું. વાલીઓ કપરી પરિસ્થિતી વચ્ચે બાળકોને પુનઃ શાળાએ મોકલવા સંમત થયા હતા.